# હિંમતનગરની મોટી વહોરવાડમાં દુષિત પાણી આવતા ૨૫થી વધુ કમળામાં સપડાયા

## જિલ્લાનું આરોગ્ય વિભાગ ધંધે લાગ્યુ : સર્વેની કામગીરી હાથ ધરાઈ : મોટી વહોરવાડમાંથી પાણીનું લીકેજ શોધી કઢાયું : વર્ષો જુની પીવાની લાઈન તુટી જતા ગટરનું પાણી ઘુસી ગયું

હિંમતનગર, તા. ૮

હિંમતનગરના ખુબજ જુના એવા જુની વહોરવાડ વિસ્તારમાં છેલ્લા કેટલાંક દિવસોથી પીવા માટે વપરાતું પાણી ગંદુ તથા ડહોળુ આવતુ હોવાને કારણે આ વિસ્તારમાં રહેતા ૨૫થી વધુ લોકો કમળાનો ભોગ બન્યા છે જે અંગે જિલ્લાના આરોગ્ય વિભાગને ખબર પડતા આરોગ્ય કર્મચારીઓ દ્વારા આ વિસ્તારમાં સર્વે કરીને સાવચેતીના પગલા લેવાનું શરૂ કર્યુ છે. તો બીજી તરફ પાલીકાના વોટર વર્કસ વિભાગના કર્મચારીઓમાં પણ આ રોગચાળાને લઈને હડકંપ મચી ગઈ છે.

આ અંગે હિંમતનગર પાલિકાના વિરોધ પક્ષના નેતા ઈમરાન બાદશાહના જણાવાયા મુજબ શહેરના સૌથી જુના ગણાતા જુની વહોરવાડમાં વર્ષો અગાઉ પાણીની તથા ગટરલાઈન નાંખવામાં આવ્યા બાદ વર્ષો પછી પાણીની પાઈપલાઈન કટાઈ જવાને કારણે તેની મજબુતી ઘટી ગઈ છે. દરમ્યાન આ વિસ્તારમાં કેટલાક સ્થળે પાણીના લીકેજને કારણે છેલ્લા કેટલાંક દિવસોથી ગટરનું ગંદુ પાણી લીકેજમાં થઈને પીવાના પાણીની પાઈપલાઈનમાં ભળી ગયું હતું.

જેને લઈને આ વિસ્તારમાં સતત ડહોળુ અને ગંદુ પાણી આવતા આ વિસ્તારના લોકોએ તરત જ નગરપાલીકાના સત્તાવાળાઓને રજુઆત કરી હતી. તો બીજી તરફ ડહોળુ પાણી પીવાને કારણે આ વિસ્તારના લોકો પાણીજન્ય રોગોની બિમારીમાં સપડાયા હતા. જેને લઈને ૨૫થી વધુ લોકોને થોડા દિવસ અગાઉ કમળો થઈ ગયો હતો. જે પૈકી એક ૨૫ વર્ષના રહીશને કમળામાંથી કમળી (પીળીયો) થઈ જતા તેને હિંમતનગરની ખાનગી હોસ્પિટલમા સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે અમદાવાદની એપોલો હોસ્પિટલમાં ખસેડાયા છે.

પાણીજન્ય રોગચાળાને આ વિસ્તારના ૫૦થી વધુ લોકોએ પાણીના નમુના લઈને પાણી પુરવઠા વિભાગની લેબોરેટરીમાં પૃથ્થકરણ કરાવતા તેમાં પાણીજન્ય રોગના જીવજંતુઓ મળી આવ્યા હતા. ત્યારબાદ આ વિસ્તારના લોકોએ નગરપાલીકાના સત્તાવાળાઓ સમક્ષ રજુઆત કરી હતી. એટલુ જ નહી પણ જિલ્લાના આરોગ્ય વિભાગને જાણ કરાયા બાદ આરોગ્ય કર્મીઓની મદદથી જુની વહોરવાડમાં સર્વેની કામગીરી હાથ ધરાઈને ગંદકીવાળા સ્થળે દવાનો છંટકાવ કરવાનું શરૂ કરાયું હતું. દરમ્યાન આરોગ્ય વિભાગ અને નગરપાલીકા દ્વારા કરાઈ રહેલી તપાસ દરમ્યાન જુની વહોરવાડમાં આવેલ પાજેડા મસ્જીદની સામેથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં થયેલા લીકેજને શોધી કાઢવામાં આવ્યું હતું. અહીંથી ગટરનું ગંદુ પાણી પીવાની પાઈપલાઈનમાં ભળી જતુ હોવાનું તપાસ દરમ્યાન જણાવ્યુ હતુ. હજુ પણ આ વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી ચાલુ રખાઈ છે.

આ વિસ્તારના લોકોનું કહેવુ છે કે જુની વહોરવાડમાં નગરપાલીકા દ્વારા વિતરીત કરાતા પીવાના પાણીનું ચોકસાઈપૂર્વક ક્લોરીનેશન કરાયા બાદ આપવુ જોઈએ.

# બાયડના પીપોદરામાં ખેતરમાં ભેલાણ બાબતે ઠપકો આપતાં માર માર્યો

## ખેતર માલિક અને તેના બે પુત્રોને અદાવત રાખી માર મારતાં પોલીસ ફરીયાદ

બાયડ તાલુકાના નવા પીપોદરા ખાતે રહેતાં નરેન્દ્રભાઈ કાળાભાઈ પટેલના ખેતરમાં ઘેટાં બકરાં ગુસી જતાં ભેલાણ થયુ હતુ.જે અંગેનો ઠપકો આપતાં ભેલાણ કરનાર શખ્સોએ ખેડૂતને માર માર્યો હતો.


તસવીર : યશ ચૌધરી

આ ઘટનાને પગલે ઈજાગ્રસ્ત દ્વારા બાયડ પોલીસ સ્ટેશને માર મારનાર શખ્સ વિરૂદ્ધ અરજી આપી હતી.જેની અદાવત રાખી બીજા દિવસે ભેલાણ કરનાર શખ્સો દ્વારા ખેડૂતના પુત્રોને માર મારતાં મામલો બિચક્યો હતો.

બાયડ તાલુકાના નવા પીપોદરાના ખેડૂત નરેન્દ્રભાઈ કાળાભાઈ પટેલના ખેતરમાં કેટલાંક લોકોએ ઘેટાં બકરાં ગુસાડી ભેલાણ કર્યું હતુ.આ બાબતે ખેડૂતે ગામનાં શેઢા ખાતે રહેતાં ભરવાડ જ્ઞાતિના ઈસમનાં ઘરે જઈ ઠપકો આપ્યો હતો.ઠાપકો આપતાં ઉશ્કેરાયેલ શખ્સ દ્વારા ખેડૂતને માર મારવામાં આવ્યો હતો.ત્યાર બાદ ખેડૂતે હુમલો કરનાર શખ્સ વિરૂદ્ધ શુક્રવારે લેખિત અરજી કરી હતી.શનિવારના રોજ ખેડૂતના બે પુત્રો જૈમીન તથા કેતન શેઢા પાસે આવેલ બસસ્ટેન્ડ ખાતે ઉભા હતાં દરમ્યાન ભરવાડ કોમના ચાર શખ્સો દ્વારા આ બને ખેડૂતપુત્રોને લાકડીઓના ફટકા મારી ગડદા પાટુંનો માર મારી ઘાયલ કર્યા હતાં તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.હુમલાની ઘટનામાં ખેડૂતના બન્ને પુત્રો ઘાયલ થતાં તાત્કાલિક ૧૦૮ મારફતે નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં.ભરવાડ કોમના ઈસમો દ્વારા કરાયેલ હુમલા અંગે ખેડૂતે બાયડ પોલીસ મથકે ફરીયાદ કરતાં પોલીસે ૪ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# હિંમતનગરમાંથી બાઈક ચોરાયુ

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ એક હોસ્પિટલના પાર્કિંગમાંથી અઠવાડીયા અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૬૦ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.ડીબી. ૮૭૪૬ની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો ન મળતા મિલનકુમાર ઈગ્નેશકુમાર ગામેતીએ શુક્રવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.


તસવીર : મગનજી વણઝારા

હિમતનગરની નવા ગ્રુપ ગ્રામપંચાયતની શુક્રવારે ગ્રામસભા હિમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં ૨૧ સોસાયટીના રહીશોએ હિમતનગર નગરપાલિકામાં સમાવેશ કરવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

# આર્ટસ કોલેજ મોડાસાનું ગૌરવ નેશનલ એવોર્ડથી સન્માનિત

ધનસુરા, તા. ૮

શ્રી એસ.કે. શાહ અને શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટસ કોલેજના હિન્દી વિભાગના અધ્યાપિકા ડૉ. ભાવના સાવલિયાએ તા. ૧૭/૧૮, નવેમ્બર, ૨૦૧૮ના રોજ મહારાષ્ટ્રના જલગાંવ ખાતે ''રાષ્ટ્રીય અમૃતધારા સાહિત્ય મહોત્સ'માં 'અમૃતા હિન્દી સાહિત્ય ગૌરવ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સાહિત્ય મહોત્સવમાં ભારતના ૨૫ રાજ્યોમાંથી ૧૨૫ સાહિત્યકારોએ સ્વ રચિત સાહત્યિક કૃતિઓ રજુ કરેલ હતી. તેમાં ડૉ. ભાવના સાવલિયા રચિત હિન્દીમાં 'કવિતા સાગર' કાવ્ય સંગ્રહને રાષ્ટ્રીયકક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત થતાં તેમને અમૃતધારા સાહિત્યના અધ્યક્ષ પ્રિયંકા સોની 'પ્રીત', જલગાંવ શહેરના કલેક્ટર કિશોર દતાત્રેય રાજે તથા અન્ય વરિષ્ઠ સાહિત્યકારોના વરદહસ્તે પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર તથા એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

તેમના કવિ સંમેલનના 'ત્યાગ સમર્પીત તે મહાત્મા હો' કવિતા પાઠ કર્યા હતા. અધ્યક્ષ પ્રિયંકા સોની 'પ્રીત' દ્વારા સંપાદિત 'કાવ્ય રત્નાવલી' કાવ્ય સંગ્રહમાં તેમના ચાર કવિતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. તેમને ૨૦૧૩માં પણ 'મહાદેવી વર્મા કે સમગ્ર સાહિત્યમાં નારી ચેતના' પુસ્તકને નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. ડૉ. ભાવના સાવલિયાને સાહિત્ય પ્રતિભા ક્ષેત્રે નેશનલ એવોર્ડ મળતા આર્ટસ કોલેજ મોડાસાના પ્રિન્સીપાલ દીપકકુમાર એચ. જોષી, સમગ્ર કોલેજ પરિવાર, મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી તથા પ્રભારી મંત્રી મહેન્દ્રભાઈ વી. શાહે આ તકે ગૌરવની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# શીકા પંથકમાં માઝુમ માઈનોર કેનાલમાંથી પાણી ન મળતા ખેડૂતોમાં આક્રોશ

ધનસુરા, તા. ૮

ધનસુરા તાલુકાના શીકા પંથકમાં આવેલ માઝુમ ડેમની માઈનોર કેનાલમાં છેલ્લા પાંચ વર્ષથી પાણી ન આવતાં આ પંથકના ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ માઈનોર કેનાલમાં રીપેરીંગ ન થતા ડેમનું પાણી ખેતરોમાં ફરી વળતા ઉભા પાકને મોટુ નુકશાન થઈ રહ્યું છે.

ધનસુરા તાલુકાના શીકા પંથકના ખેડૂતોએ આ માઈનોર કેનાલનું વ્યવસ્થિત સમારકામ કરી પાણી અપાય તો ખેડૂતોના પાકને ફાયદો થઈ શકે તેમ છે. જ્યારે કેનાલમાં પાણી છોડાય છે ત્યારે આ તુટેલી કેનાલોના પાણી ખેડૂતોના ખેતરોમાં ફરી વળતા ઉભા પાકને નુકશાન કરે છે.

પાણીમાં જવા રસ્તો પણ રહેતો નથી. ભંગાર કેનાલોના કારણે છેલ્લાં પાંચ વર્ષથી શીકા પંથકના ખેડૂતો પરેશાન થઈ રહ્યા છે. શીકા પંથકની આ માઈનોર કેનાલને વ્યવસ્થિત કરવા સિંચાઈ વિભાગના અધિકારીઓ તેમજ અરવલ્લી જિલ્લા કલેક્ટર સમક્ષ મૌખિક અને લેખિત રજુઆત કરવા છતાં કોઈ પરિણામ આવતુ નથી. આ વિસ્તારમાં માઝુમ ડેમનું પાણી મળે તે માટે સરકારે કેનાલ બનાવી ખેડૂતોને લાભ થવાના બદલે અત્યારે તંત્રની બેદરકારીના કારણે આ પંથકના ખેડૂતો કેનાલના પાણીના લાભથી વંચિત રહે છે. સિંચાઈ મંત્રી સમક્ષ ટુંક સમયમાં રજુઆત થનાર છે. શીકા પંથકના ખેડૂતોએ ઉગ્ર રોષ ઠાલવતા જણાવેલ છે કે જો ટુંક સમયમાં આ માઈનોર કેનાલો વ્યવસ્થિત નહિ થાય તો અમે ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનના માર્ગે જઈશુ.

# ખેડબ્રહ્મા જળ સંચય યોજનાના બીલો ન ચૂકવાતા કોન્ટ્રાકટરને હાલાકી

ખેડબ્રહ્મા, તા. ૮

સરકાર દ્વારા મોટી જાહેરાત કરીને ફતવો બહાર પાડવામાં આવ્યા, મોટી મોટી જાહેરાત કરી કામગીરી કર્યા પછી આજરોજ સુધી બીલો મંજુર થયેલ નથી.

ખેડબ્રહ્મા શહેરમાં નગરપાલિકા દ્વારા તારીખ ૨૭/૪/૨૦૧૮ ના રોજ જળ સંચય યોજના અંતર્ગત વર્ક ઓર્ડર આપીને કામગીરીનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેમાં હરણાવ નદી ભીલકા તળાવ અને વોર્ડ નં. ૧ માં આવેલ ચિખલી વિસ્તારમાં તારીખ ૧-૫-૨૦૧૮ ના રોજ ત્રણેય જગ્યાએ કામગીરી કરી એક માસમાં કામગીરી પુર્ણ કરવામાં આવી હતી. જેનું બીલ વીસ લાખ ઍંસી હજાર જેવું થવા પામ્યું હતુ. જેનું આજરોજ સુધી ચુકવણું ન કરતાં કરેલા કામો માટે કોન્ટ્રાકટરને છેલ્લા સાતેક માસથી ચુકવણુ ન કરાતા આવી મોટી રકમના લીધે હાડમારી ભોગવવાનો વારો આવ્યો છે.

વિરોધ પક્ષ નેતા પ્રવિણસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે જળ સંચય યોજના અંતર્ગત આવેલ કામોમાં અડધા પૈસા સરકારને ચુકવણું કરવાનું હોય છે પણ લોક ભાગીદારીથી ચુકવવામાં આવે પણ લોક ભાગીદારીના પૈસા ન ચુકવણું કરતાં બીલ રોકાયેલા છે.

# ધનસુરામાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા માંગ

ધનસુરા નગરમાં શિયાળાનો પ્રારંભ થતા તસ્કરોનો તરખાટ શરૂ થઈ ગયો છે. અમદાવાદ રોડ ઉપર ત્રણ કારખાનામાં ગઈરાતના ચોરી કરી પુનઃ તસ્કરોએ ધનસુરા નગરમાં પ્રવેશ કરતાં લોકોમાં ભયનું સામ્રાજ્ય ફેલાયું છે. આ અગાઉ કેટલાય ઠેકાણે ભર બપોરે ચોરીઓ થઈ હોવાની ઘટના બની છે. ગાયત્રી સોસાયટીમાં એક જ ઘરને તારગેટ બનાવ્યો હોય તેમ બબ્બે વખત ભર બપોરે ચોરી કરી હજારો રૂપીયા ઉઠાવી ગયા હતા. અન્ય સોસાયટીઓમાં પણ બંધ ઘરના દિવસે તાળા તુટ્યાની ઘટના બનેલ છે. જાણવા મળ્યા મુજબ ધનસુરા નગરમાં છેલ્લા કેટલાય સમયથી સોસાયટી વિસ્તારમાં પેટ્રોલિંગ થતુ ન હોવાથી મોટાભાગની સોસાયટીઓમાં ચોકીયાત રાખવામાં આવ્યા છે. ધનસુરા નગરના લોકોની સલામતી માટે નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવાનો સમય પાકી ગયો છે.

# પ્રાંતિજ એપ્રોચ રોડ પર આવેલ ગજાનંદ સોસાયટીમાં ત્રસ્કરો ત્રાટકયા

## બંધ મકાનનાં તાળા તોડી રોકડ રકમ સહિત ચાંદીના દાગીનાની ચોરી

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના અજાણ્યાં ત્રસ્કરો દ્વારા સોસાયટીમાં પ્રવેશ કરી સોસાયટીમાં ભાડુઆત ત્રસ્કરો પ્રલાય થતાં સવારે બાજુવાળા પડોશીએ દરવાજો


તસવીર : સંજય રાવલ

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગજાનંદ સોસાયટીમાં ગઈ રાત્રીએ તસ્કરો દ્વારા બંધ મકાનનાં તાળાં તોડી રોકડ રકમ સહિત ચાંદીના દાગીનાની ચોરી કરી પ્રલાયન થતાં મકાન માલિક દ્વારા પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ ગજાનંદ સોસાયટીમાં ગઈ રાત્રીએ તરીકે રહેતાં જીવણભાઈ બલાજી મારવાડી પોતાના ઘરે ગયા હતા તે દરમ્યાન તેવોના મકાનનો મેન દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કરી અંદરના રૂમમાં મારેલ દરવાજાના તાળા તોડી રૂમમાં રહેલ તીજોરીના તાળા તોડી તીજોરીમાં મુકેલ ૨૦ રૂપિયા રોકડા તથા તિજોરીમાં રહેલ ચાંદીના દાગીનાની ચોરી કરી અજાણ્યા ખુલ્લો જોતાં મકાનમાલિકને જાણ કરતાં મકાનમાલિક તાત્કાલિક ઘરે દોડી આવ્યાં હતા અને આ અંગેની જાણ પોલીસને કરતાં પ્રાંતિજ પોલીસ દ્વારા ઘટના સ્થળે આવી આગળની તપાસ હાથ ધરી હતી. નગરજનો તથા સોસાયટીના રહીશો દ્વારા પોલીસ દ્વારા રાત્રીનું પેટ્રોલીંગ ચાલુ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# કાંકરેજ તાલુકાની બનાસ નદીમાંથી બિનઅધિકૃત રીતે રેતી લઈ જતા ચાર ટર્બો ટ્રક ઝડપાયા

પાલનપુર ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું ચેકીંગ. મોટા જામપુર માંથી રેતી ભરી જઈ રહી હતી ટ્રક ત્યારે ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ ત્રાટકયા અને બિન અધિકૃત રીતે રેતી વહન કરતી ટ્રકો ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી નવા આવેલા મદદનીશ ભૂસ્તર શાસ્ત્રી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર દ્વારા બોલાવ્યો સપાટો ગાડી નબર GJ.38.T.2458{2} GJ.08.Z.8233(3) GJ.12.AW.7354(4)GJ.02.XX .5573 કાંકરેજ તાલુકાના મોટા જામપુર નદી માંથી બિન અધિકૃત રીતે રેતી વહન કરતી ચાર ગાડીઓ ઝડપી લીધા બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી... ગાયત્રી ટ્રાન્સપોર્ટ ચાણસ્મા.... ભગવતી ટ્રાસ્પોર્ટ થરા... જય વીર ટ્રાન્સપોર્ટ થરા ની મળી કુલ ચાર ટર્બો ટ્રક ઝળપી પાડતું પાલનપુર ખાણ ખનિજ વિભાગ નવા આવેલા મદદનીશ ભૂસ્તર શાસ્ત્રી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર દ્વારા બોલાવ્યો સપાટો.

# માલપુરના જાલમખાંટના મુવાડા ગામે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે યુવાનો માટે લોકભાગીદારીથી લાઈબ્રેરી

મોડાસા, તા. ૮

પુસ્તકોનું વાંચન વિચારોની ભૂખ ઉઘાડે છે. ગ્રામ્ય વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે યુવાનોને પૂરતા પ્રમાણમાં સાહિત્ય સામગ્રી મળતી ન હોવાથી શહેરમાં આવેલી લાઈબ્રેરીમાં વાંચન અને પુસ્તકો માટે જવું પડતું હોય છે. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના જાલમખાંટના મુવાડા ગામે ગામના સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો અને યુવતીઓ માટે ગ્રામજનોના સહયોગથી એક મકાનમાં લાઈબ્રેરી શરૂ કરતા આનંદ છવાયો હતો.


તસવીર : મેહુલ જોષી

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના જાલમખાંટના મુવાડા ગામના લોકોએ ગામમાં જ લોકભાગીદારીથી લાઈબ્રેરી બનાવી વિદ્યાર્થીઓ અને યુવાધન માટે પુસ્તકો ઉપલબદ્ધ કરાવતા યુવાનોમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તૈયારીઓમાં ઉત્સાહમાં વધારો થયો હતો. જાલમખાંટના મુવાડા ગામ માંડ એક હજારની વસ્તી ધરાવતું નાનકડું ગામ છે. ગામમાં મોટા ભાગના લોકો સરકારના વિવિધ હોદ્દા પર ફરજ બજાવે છે. દસ યુવાનો મા-ભોમની રક્ષા કરવા આર્મી અને બીએસએફમાં સરહદ પર ફરજ બજાવી રહ્યા છે. હાલ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સરકારી નોકરી માટેની જાહેરાત પડતા ગામના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષામાં યુવાનોને તૈયારી માટે લાઈબ્રેરીની તાતી જરૂરિયાત હોવાથી સરકારી કર્મચારીઓએ એકઠા થઈ લાઈબ્રેરી બનાવવાનું સૂચન કરતા ગામના અગ્રણી પરિવારે મકાન ફાળવતા અને દાતાઓ તરફથી પુસ્તકોની ભેટ મળતા તથા થતા વિવિધ સમાચાર પત્રકો અને સામાયિકો સાથેની લાઈબ્રેરીની સુવિધા ઉપલબદ્ધ થતા યુવાનોમાં આંનદ છવાયો હતો. જાલમખાંટના મુવાડા ગામે જીલ્લાના અન્ય ગામો માટે પણ ઉમદા ઉદાહરણ પુરૂ પડ્યું છે.

# ધનસુરા પીપલ્સ શરાફી મંડળીના ડીરેક્ટર પદે નિમણુંક

ધનસુરા પીપલ્સ શરાફી મંડળીની ચેરમેનની જગા ખાલી થયા પછી તે જગ્યાએ નિમણુંક કર્યા બાદ ડીરેક્ટરની જગ્યા ખાલી પડતાં ધનસુરા મશીનરીના સેક્રેટરી યુવા નયનભાઈ જે. શાહની નિમણુંક, ચેરમેન રજનીભાઈ તથા એમ.ડી. ગોપાલભાઈ ઠેકડીએ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મંજુરીથી નિમણુંક કરાઈ છે.


તસવીર : મગનજી વણઝારા

હિમતનગરની નગરપાલિકામાં શુક્રવારે હિમતનગર એસીબીના અધિકારીઓ આવી પહોચ્યા હતા અને દિવાળી પહેલા લાંચ લેતા ઝડપાયેલ ચીફ ઓફિસર અને એન્જીનીયરના કેસમાં કમર્ચારીઓના જવાબો લેવાયા હતા.

# ધનસુરા તાલુકાના ખેડૂતોની ૭૦ ટકા જમીન સિંચાઈના લાભથી વંચિત

ધનસુરા, તા. ૮

ગુજરાત સરકારે નર્મદા કેનાલમાંથી અસંખ્ય ગામોને ડેમમાંથી કેનાલો મારફતે ખેડૂતોના ખેતરોમાં પાણી આપ્યું. મોડાસા, શામળાજી, માલપુર તાલુકામાં ડેમ માઝુમ, મેશ્વો અને વાત્રક આવેલ છે. મોડાસા, માલપુર, બાયડ તાલુકામાં આ ડેમોમાંથી ખેતી માટે સિંચાઈ યોજનાનો લાભ મળે છે ત્યારે મોડાસાથી ૧૬ કીમી દૂર આવેલ ધનસુરા તાલુકામાં હજુ ૭૦ ગામોના ખેડૂતોની જમીનમાં સિંચાઈ યોજનાનો લાભ મળતો ન હોવાથી શિયાળુ, ઉનાળુ પાક લઈ શકાતા નથી. અછતની પરિસ્થિતિમાં ખેડૂતોની હાલત કફોડી થાય છે. માત્ર ચોમાસુ ખેતી આધારીત ખેડૂતોને જીવવુ દોહ્યલુ બની જાય છે. તાલુકામાં જળ સપાટી નીચી રહેતાં શિયાળુ પાક લઈ શકાતો નથી. આ તાલુકા અત્યારે સિંચાઈના લાભથી વંચિત રહેતા ખેડૂતો બેહાલ બની રહ્યા છે. તો તાલુકાના બાકીના ગામોના ખેડૂતોની જમીનમાં સિંચાઈના લાભ મળે તે જરૂરી છે.